નવી બાબત ૨૦૧૯-૨૦

ડૉ.આંબેડકર ભવન અરવલ્લી, સુરત, મહીસાગર, વડોદરા અને મોરબીના મકાન બાંધકામ બાબત

રૂ.૧૦૦૦.૦૦ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: છતલ/૧૦૨૦૧૯/ન.બા.૧૧૦/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૮/૦૯/૨૦૧૯

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૫/૦૬/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./મ-૩/૨૦૧૯/૪૩૫૨-૪૩૫૩

ઠ રા વ:

અનુસૂચિત જાતિના લોકોમાં આવેલી સભાનતા અને સમાજમાં શૈક્ષણિક અને સામાજિક પ્રવૃતિઓમાં થયેલ વધારાને તથા પછાત વર્ગોના ઉત્કર્ષને ધ્યાનમાં રાખી રાજયના તમામ જિલ્લા મથકે પ્રર્વતમાન એસ.ઓ.આર મુજબ જિલ્લા કક્ષાના ડૉ. આંબેડકર ભવનો બાંધવાનું નક્કી કરવામાં આવેલ છે. ડૉ.આંબેડકર ભવન અરવલ્લી, સુરત, મહીસાગર, વડોદરા અને મોરબીના મકાન બાંધકામ અંગે વંચાણે લીધેલ નિયામકશ્રી(અ.જા.ક.)ના તા.૨૫/૦૬/૨૦૧૯ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે અરવલ્લી, સુરત, મહીસાગર, વડોદરા અને મોરબી જિલ્લાઓના જિલ્લા મથકે ડૉ.આંબેડકર ભવનના મકાન બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ પાસેથી અંદાજો મેળવી રજૂ કરવાની શરતે તથા નીચેની શરતોને આધીન પ્રથમ વર્ષે ૩૩% પ્રમાણે રૂ.૧૦૦૦.૦૦ લાખની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નક્શા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૩) રેલવે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૪) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૭) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૮) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) માત્ર બે જ જિલ્લામાં જમીન મળેલ હોઇ અન્ય ભવનોના બાંધકામ માટે જમીન ઉપલબ્ધિ વગેરે તબક્કા ઝડપથી પૂર્ણ કરી ખર્ચ થાય તે જોવાનું રહેશે.

(૧૧) દાહોદ ખાતેના ડો.આંબેડકર ભવનના ધોરણે જ હોય તે સિવાય એટલે કે ફેરફાર હોય તો તે સહિત તમામ પાંચ ભવનના પ્રવર્તમાન S.O.R. મુજબના અંદાજો સત્વરે માર્ગ અને મકાન વિભાગ પાસે મંજૂર કરાવવાની શરતે આ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧૨) આ યોજના માટે શરૂઆતથી અંત સુધીની કામગીરી ઓનલાઇન(Online) થાય તે માટે સોફ્ટવેર એપ્લીકેશન(Software Application) વિકસીત કરાવવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર- ૦૧ SCW-33 ડૉ.આંબેડકર ભવનો/ ફાઉન્ડેશન બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૯/૦૯/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ડો.જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૧૯